# ગાંધીનગર સતત બીજા દિવસે પણ રાજ્યનું ઠંડુગાર શહેર

ગાંધીનગર, તા. ૨૯ ગાંધીનગરમાં સતત બીજા દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે અને સાથે પાટનગરે રાજ્યમાં સૌથી ઠંડાગાર શહેરનું સ્થાન જાળવી રાખ્યું છે. શહેરમાં વહેલી સવારે શિયાળાના ઠંડા વાયરા ફુંકાવા લાગ્યાં છે જેના કારણે નાગરિકોને ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આજે શહેરનો પારો ગગડીને ૧૩ ડિગ્રી સાથે રાજ્યભરમાં સૌથી નિચે રહેવા પામ્યો છે. છેલ્લાં બે-ત્રણ દિવસથી ગાંધીનગરનું તાપમાન ઘટી રહ્યું છે અને સમગ્ર રાજ્યમાં સૌથી નીચુ તાપમાન ધરાવતુ શહેર બની રહ્યું છે. શહેરમાં સાંજ પડતા જ ઠંડીનો અહેસાસ શરૂ થઈ જાય છે અને મધરાત પછી રીતસર શિયાળાનો અનુભવ શહેરીજનોને થઈ રહ્યો છે. વહેલી સવારે બે-ત્રણ દિવસથી ઠંડા પવનના સુસવાટા વધવાને કારણે મોર્નિંગ વોકર્સ તથા સવારે યોગા-પ્રાણાયામ કરતા નાગરિકોને પણ ફુલગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ધીમે ધીમે મહત્તમ તાપમાન પણ નીચે તરફ આવી રહ્યું હોવાથી દિવાળીના પર્વમાં ઠંડીનું જોર વધશે તેવુ જણાઈ રહ્યું છે. આ સાથે શહેરમાં શિયાળાની ઋતુએ તેના પગ જમાવવાનું શરૂ કરી દીધુ છે.

## રાજ્યના નવા નાણાં સચિવ તરીકે જે.પી. ગુપ્તા નિમાયા

### મનોજકુમાર દાસને બંદર અને અશ્વિનીકુમારને રમત-ગમત યુવક સેવા સાંસ્કૃતિક વિભાગમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના નવા નાણાં સચિવ તરીકે જે.પી. ગુપ્તાને નિયુક્ત કરવામાં આવ્યા છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે ૧૦ જેટલા સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે. અગાઉ સી.એમ.ઓ.માં ફરજ બજાવી ચુકેલા મનોજકુમાર દાસ અને અશ્વિનીકુમારનો આ આદેશમાં સમાવેશ કરાયે છે. ૧।। મહિના પછી આ અધિકારીઓનું પોસ્ટીંગ કરવામાં આવ્યું છે.

મનોજકુમાર દાસને બંદર વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે સી.એમ.ઓ. તેમની સાથે ફરજ બજાવતા અશ્વિનીકુમારને યુવક સેવા સાંસ્કૃતિક અને રમત-ગમત વિભાગમાં સચિવ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

નાણાં વિભાગમાં ફરજ બજાવતા મિલિન્દ તોરવણેને ચીફ સ્ટેટ ટેક્સ કમિશનરનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

તુષાર સુમેરાને ભરૂચ કલેક્ટર તરીકે અને બિજલ શાહને બોટાદ કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સી.એમ.ઓ.ના સચિવ અવંતિકા સિંઘને જીઆઈડીબીના સી.ઈ.ઓ. તરીકે વધારાનો હવાલો આપવામાં આવ્યો છે. કમલ શાહનો અધિક ઉદ્યોગ કમિશનર તેમજ સાઈદિગયુઈ છાકછુઆકને એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના ડિરેક્ટર તરીકે વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.



પ્રકાશ પર્વ - પ્રકાશ પર્વને વધાવવા શહેરમાં ઠેર ઠેર માટીના દિવડા ઠલવાયા છે... અંધકારમાંથી ઉજાસ તરફની યાત્રાનો મુકામ એટલે દિવડો... શહેરીજનો વ્યાપક રીતે દિવડાની ખરીદી કરતા હોવાથી શહેરના તમામ મુખ્યમાર્ગો પર અને સેક્ટરના શોપીંગ સેન્ટર પર સાદા તથા અવનવી ડિઝાઈનના દિવડાઓ ઉપલબ્ધ બની રહ્યા છે... આવો, આ જ માધ્યમથી પ્રકાશ પર્વને વધાવીએ.... અંધકારને ઉજાસમાં પલટાવીએ...

## લાઈફ સ્ટાઈલ ડિસ ઓર્ડર થવાના ૩૫૦ કેસ નિદાન કેમ્પમાં મળતાં તંત્ર ચિંતિત

### સાંધાના દુઃખાવાના ૫૦૦ થી વધુ કેસ મળ્યા : લોકોના મનમાંથી હજુ કોરોનાનો ભય ગયો નથી

ગાંધીનગર, તા. ૨૯

કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે પણ જિલ્લાવાસીઓમાંથી કોરોનાનો ભય હજુ ગયો નથી. કોરોનાની બીજી લ્હેર જિલ્લા માટે ઘાતક પુરવાર થઈ છે. જિલ્લામાં કોરોનાની ઘાતક બીજી લ્હેર પછી લાઈફ સ્ટાઈલ ડિસ ઓર્ડર થવાના કિસ્સાઓ મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે.

ગત સપ્તાહે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા યોજાયેલ સાત જેટલા નિદાન કેમ્પમાં ૩૫૦ જેટલા દર્દીઓ લાઈફ સ્ટાઈલ ડિસ ઓર્ડર થયાના મળી આવ્યા છે. આ સાત કેમ્પમાં જ આટલી મોટી સંખ્યામાં કેસો મળી આવ્યા હોવાથી આરોગ્યતંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે કોરોના મહામારી પછી લાઈફ સ્ટાઈલ ડિસ ઓર્ડર થવાના કેસો જે સામે આવ્યા છે તેમાં અનિંદ્રાના કેસો વધ્યા છે. આ ઉપરાંત માનસિક તનાવ ધરાવતા દર્દીઓ પણ વધ્યા છે. લાઈફ સ્ટાઈલ ડિસ ઓર્ડર થવાથી બેઠાડુ જીવન અને શરીરની મેદસ્વિતા પણ વધી હોવાનું ધ્યાને આવ્યુ છે.

કેટલાક કિસ્સાઓમાં દર્દીઓના વજન ઘટી જતા તેમજ વજન વધી જવાના કારણે સાંધાના દુઃખાવા, હાઈપર ટેન્શન, ડાયાબીટીસ જેવા રોગોએ પણ દેખા દીધી છે.

જો કે ઉપલબ્ધ વિગતો પ્રમાણે લાઈફ સ્ટાઈલ ડિસ ઓર્ડરના ૩૫૦ કેસ અને સાંધાના દુઃખાવા સાથેના ૫૦૦ થી વધુ કેસ મળી આવ્યા છે. આયુર્વેદ નિદાન કેમ્પમાં ૧૧૫૬૦ લોકોએ ઉકાળાનું સેવન પણ કર્યુ હતુ. તેમજ ૧૩૦૦ થી વધુ લોકો સંશવની વટી પણ લઈ ગયા છે.

## ત્રીજી લહેરના ખતરા સામે બજારમાં બિન્દાસ્ત ઉભરતી ભીડ

### કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા નાગરિકો માટે માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગની વાત જુની થઇ ગઇ છે !! પરંતુ ત્રીજી લહેરના તોળાતા ખતરા સામે કોરોનાની ગાઇડલાઇનની અવગણના ગંભીર બેદરકારી પુરવાર થઇ શકે તેમ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે

ગાંધીનગર તા ૨૯

કોરોનાના કપરા કાળમાં છેલ્લા દોઢ વર્ષથી મુર્જાયેલા જનજીવમાં બે ત્રણ મહીનાથી રોનક નિખરી છે. કોરોનાના કેસ કાબુમાં આવતા જનજીવનમા હાંશકારો પ્રવર્તયો છે. દિવાળી પર્વ ટાંણે ઠેર ઠેર ભીડના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બજારમાં પણ માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગની વાત વિસરીને નાગરિકો બિન્દાસ્ત ફરતા જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે કોરોનાની ત્રીજી લહેરનો ખતરો પણ જળુંબી રહ્યો છે. ત્યારે સરકારે આપેલી છુટછાટનો વિવેકબુધ્ધિથી ઉપયોગ થાય તેમજ કોરોનાની ગાઇડલાઇનનુ પણ યોગ્ય પાલન થાય તેવો સુર પણ પ્રબળ બન્યો છે.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા દોઢ વર્ષથી જનજીવનમાં સુનકાર છવાયેલો જોવા મળી રહ્યો છે. અલબત્ત કોરોનાના અપ ડાઉન થતા કેસ અને સંક્રમણની સ્થિતિ વચ્ચે સંપુર્ણ નિયંત્રણો દુર કરવામાં આવ્યા નથી. પરંતુ હાલની સ્થિતિએ સરકારે ઉદારતા દાખવીને વિશેષ છુટછાટ આપી છે. જેમાં રાજયના ૮ મહાનગરોમાં પણ ૩૦ નવેમ્બરથી માત્ર ચાર કલાકના રાત્રિ કરફયુની જાહેરાત કરવામા આવી છે. આ ઉપરાંત વેપાર ધંધાની પ્રવૃતિ માટે પણ રાત્રિના ૧૨ વાગ્યા સુધી છુટછાટ આપવામાં આવી છે. દિવાળી પર્વ નજીકમાં છે. ત્યારે હાલ છેલ્લા ૧૫ દિવસથી વેપાર ધંધામાં તેજી સાથે બજારમાં પણ વિશેષ ભીડભાડ જોવા મળે છે. બીજીતરફ કોવિડનુ સંક્રમણ પણ કાબુમાં હોવાથી નગરજનો પણ હવે બિન્દાસ્ત બની ગયા છે. મોઢા પર માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનો અમલ હવે જુની વાત થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. ગાંધીનગરની હવામાંથી કોરોના સદંતર અદ્રશ્ય થઈ ગયો હોય તેવા દ્રશ્યો સતત આંખ સામે જોવા મળી રહ્યા છે. એકબાજુ વેક્સિનેશનની સો ટકાની સફળતા બાદ કોવિડ સામેના જંગમાં આમ નાગરિકોનો આત્મવિશ્વાસ પ્રબળ બન્યો છે. તે આવકારદાયક બાબત છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં કોરોના નવા ૨૨ કેસ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં કોરોનાના આંકડાઓમાં ધીરે ધીરે વધારો થઈ રહ્યો હોય તેવું ચિત્ર ઉભુ થઈ રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૨૨ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૪ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૨૪૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ વધીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. તો આજના દિવસમાં કુલ ૩,૫૩,૬૭૪ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૯૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૧૮૭ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૬,૨૪૬ નાગરિકો અત્યાર સુધી કોરોનાને હરાવીને ડિસ્ચાર્જ થઇ ચુક્યા છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૦૮૮ નાગરિકોનાં મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું.

## વેક્સિનના બીજા ડોઝ માટે માઈક્રો પ્લાનીંગ કરાશે : ડૉ. ધવલ પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોના પ્રતિકાર માટે ચાલતા વેક્સિનેશન અભિયાનમાં બીજા ડોઝની વેક્સિન માટે માઈક્રો પ્લાનીંગ કરવાની સૂચના આજે મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આપી છે.

આરોગ્યતંત્રની વિવિધ યોજનાકીય કામગીરી ઉપરાંત સંચારી રોગોની કામગીરીની સમીક્ષા માટે યોજેલી બેઠકમાં ડૉ. પટેલે આ સૂચનાઓ આપી છે.

વેક્સિનના બીજા ડોઝ માટે છેલ્લા થોડાક દિવસથી જે ઘટાડો જોવા મળી રહ્યો છે તે ધ્યાને લઈ કમિશનરે આ સૂચના આપી છે. તંત્ર દ્વારા વેક્સિનના બીજા ડોઝ માટે રોજ ૧૦ હજાર જેટલા એસ.એમ.એસ. કરવામાં આવે છે. પણ લોકો ઉદાસીનતા દાખવી રહ્યા હોવાથી તંત્ર મુંઝવણમાં છે.

શહેરમાં વેક્સિનેશનના પ્રથમ ડોઝની કામગીરી ૧૩૦ ટકા જેટલી થઈ છે જ્યારે બીજા ડોઝની કામગીરી ૭૫ ટકા જેટલી થઈ છે. વેકસિનના બીજા ડોઝની કામગીરીમાં ગતિ આવે તે માટે માઈક્રો પ્લાનીંગ કરવાની સૂચના કમિશનરે આપતાં તંત્રએ હવે આ દિશામાં કવાયત શરૂ કરી છે.

આજે મળેલી આ બેઠમાં માતૃ મરણ તેમજ બાળ મરણમાં ઘટાડો થાય અને વધુ ને વધુ સંસ્થાકીય પ્રસુતિ થાય તે જોવા પણ

**શહેરની આરોગ્ય સેવાઓ અને યોજનાઓના અમલીકરણ માટેની બેઠક યોજાઈ**

કમિશનરે ભાર મુકયો છે. કોરોનાની મહામારી દરમ્યાન આ કામગીરીમાં જે અંતરાય ઉભો થયો છે તે દૂર કરી કામગીરી સઘન કરવા તેમણે સૂચવ્યુ છે.

આ બેઠકમાં વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યા વધી હોવા અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી અને સઘન સર્વેલન્સ સાથે સાથે એન્ટી લાર્વેલ અને ફોગીંગની કામગીરી પણ સઘન બનાવવા પર ભાર મુક્યો હતો. તેમણે વેક્ટર કંટ્રોલ કામગીરીને વધુ સુદૃઢ કરવા જણાવ્યુ હતુ.

મ્યુનિ. કમિશનરે પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ક્લોરીનેશનની કામગીરી યોગ્ય રીતે થાય તેમજ સર્વેલન્સ પણ સુદૃઢ રીતે થાય તે જોવા જણાવ્યુ હતુ.

ટી.બી. અંગે તેમણે તમામ અર્બન હેલ્થ સેન્ટરો દ્વારા લક્ષ્યાંક મુજબ ડિસેમ્બર અંતિત કામગીરી પૂર્ણ થાય તે મહત્વનું હોવાનું જણાવી આ માટે અલાયદો રોડમેપ તૈયાર કરી આગળ વધવુ જોઈએ તેમ કહ્યુ હતુ. ડૉ. ધવલ પટેલે કોરોના સંક્રમણ ઘટ્યુ જરૂર છે પણ તે માટે સેમ્પલ કલેક્શન તેમજ તે અંતર્ગત સર્વેલન્સ અસરકારક રીતે થવુ જોઈએ તેવી સ્પષ્ટ સૂચના આપી હતી. આ બેઠકમાં તેમણે કોવિડની સ્થિતિને લઈ વિસ્તૃત સમીક્ષા કરી હતી. આ બેઠકમાં એમ.ઓ.એચ. ડૉ. ગોસ્વામી ઉપરાંત આરોગ્ય અધિકારીઓ અને તબીબી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનપામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે અંકિત બારોટ નિમાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે અંકિત બારોટની નિયુક્તી કરવામાં આવી છે. વોર્ડ નં. ૩ માંથી વિજયી થયેલા અંકિત બારોટ યુવા અગ્રણી છે.



અંકિત બોરોટને વિપક્ષના નેતા તરીકે નિમણુંક આપવા શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે પત્ર લખી કમિશનરને જાણ કરી છે.

અંકિત બારોટ ૨૦૦૬ થી ૨૦૦૮ દરમ્યાન એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી રહી ચુક્યા છે તેમજ ૨૦૦૯-૧૦માં ગુજરાત યુનિ.ના સેનેટ મેમ્બર રહેલા છે. ૨૦૧૨ થી ૨૦૧૫ દરમ્યાન યુવક કોંગ્રેસના પ્રદેશ એકમમાં મહામંત્રી તરીકે પણ રહી ચુક્યા છે.

રાજકોટ અને જુનાગઢમાં કોંગ્રેસને ઓછી બેઠક હોવા છતાં વિપક્ષના નેતાનુ પદ આપવામાં આવ્યુ છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં કોંગ્રેસનો બે બેઠક પર વિજય થયો છે જ્યારે આપ આદમી પાર્ટીનો એક બેઠક પર વિજય થયો છે. બાકીની ૪૧ બેઠકો પર ભાજપના ઉમેદવાર વિજયી થયા છે.

પાટનગરમાં કોંગ્રેસને વિપક્ષના નેતાનુ પદ મળે છે કે નહિ તેના પર રાજકીય વર્તુળોની નજર રાખી રહ્યા છે. મનપામાં કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે પણ વિપક્ષનું પદ આપશે તેમ મનાઈ રહ્યુ છે.

## ગાંધીનગર ડેપોને ૧૫ નવી ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવશે

### ચાર્જીંગ સ્ટેશન અમદાવાદ રહેશે :જાન્યુઆરી મહીનામાં શહેરમાં ઇલેક્ટ્રીક બસો દોડતી થઇ જશે : નવી બસો મળવાની સાથે મુસાફરોને ઝડપી અને આરામદાયક મુસાફરીનો લાભ મળશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર ડેપોને નવી ૧૫ ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવશે. ગાંધીનગરમાં લાંબા સમયથી ઈલેક્ટ્રીક બસો દોડાવવા માટે વિચારણા ચાલી રહી છે. ઈલેક્ટ્રીક બસો શહેરી બસ સેવાના રૂટમાં દોડશે. જો કે આ બસ માટે ગાંધીનગરમાં ચાર્જીંગ સ્ટેશન ઉભુ કરવામાં આવશે નહીં. ઈલેક્ટ્રીક બસોનુ ચાર્જીંગ અમદાવામાં થશે. નવી બસો ફાળવવાના નિર્ણયના અંતે મુસાફરોને પણ ઝડપી અને આરામદાયક મુસાફરીનો લાભ મળશે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના વિસરાઈ ગઈ છે. એસ ટી ડેપોના રીનોવેશનનુ કામ પણ વિલંબમાં પડ્યુ છે. જેના લીધે ડેપો સંકુલમાં મુસાફરોને લગતી પુરતી સુવિધાઓનો અભાવ વર્તાય છે. ડેપો સંકુલમાં તહેવારોના દિવસે મુસાફરોની ભીડ વધતી જાય છે. ત્યારે તેમની સલામતી સામે પણ સવાલો મંડરાયા છે. અગાઉ એસ ટી ડેપોમાં કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસો દુર કરીને તેના સ્થાને નવી બસો દોડતી કરવામાં આવી હતી. જેના લીધે છેલ્લા ઘણાં સમયથી એસ ટી તંત્રમાં બ્રેક ડાઉન સર્વિસ પણ ઓછી થઈ ગઈ છે. સલામત સવારીના પૈડા ખોટવાતા નથી બીજીતરફ શહેરમાં ઈલેકટ્રીક બસો દોડાવવા માટે પણ લાંબા સમયથી વિચારણા ચાલી રહી છે. ત્યારે નવી ઈલેકટ્રીક બસો દોડાવવા માટે પણ ટુંકમાં આયોજન કરી દેવાશે. ગાંધીનગર ડેપોને ૧૫ જેટલી ઈલેકટ્રીક બસો પણ ટુંકમાં ફાળવવામાં આવશે. આગામી દિવસોમાં ડેપોને બસો મળી ગયા બાદ જાન્યુઆરી મહીનાથી ઈલેક્ટ્રીક બસો દોડતી થઈ જશે. શહેરી બસ સેવા અન્વયે આ ઈલેક્ટ્રીક બસો દોડતી થશે જેના લીધે પ્રદુષણની માત્રા પણ ઘટશે અને ઘોંઘાટ રહીત વાહન સેવા ઉપલબ્ધ થશે. અગાઉ ઈલેકટ્રીક બસ સેવા અન્વયે ગાંધીનગર ડેપોમાં જ ચાર્જીંગ સ્ટેશન ઉભુ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ હાલ અમદાવાદમાં આ પ્રકારના ચાર્જીંગ સ્ટેશન છે. જયારે ટુંકમાં ગાંધીનગરથી શરૂ થનારી આ બસ સેવા અન્વયે અમદાવાદના ચાર્જીંગ સ્ટેશનનો ઉપયોગ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

## શરતભંગ કરીને ગુડાના આવાસો ભાડે આપવાના મામલે ૩૭ મકાનો સીલ કરાયા

### ગુડાની આકસ્મિક તપાસ દરમિયાન ૧૬૨ કીસ્સામાં મકાનો ભાડે આપાયા હોવાનુ ધ્યાને આવ્યુ

ગાંધીનગર તા ૨૯

ગુડા દ્વારા નિર્મિત રાયસણ સ્થિત એલ આઈ જી આવાસો ભાડે આપવાના મામલે ૭૦ કીસ્સામાં લાભાર્થીઓને નોટીસ આપવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ મામલે છેલ્લા એક મહીનામાં ૧૬૨ કીસ્સામાં મકાનો ભાડે આપી દેવાયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આકસ્મિક તપાસના અંતે શરત ભંગના વિશેષ કિસ્સા ધ્યાને આવ્યા છે. જયારે અત્યાર સુધીમાં ગુડાએ ૩૭ જેટલા મકાનો સીલ કરવાની પ્રક્રીયા હાથ ધરી છે.

ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ, ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ જયારે આ આવાસો અન્વયે એક દાયકા સુધી મકાનનુ વેચાણ નહીં કરવા સહીત ભાડે આપવાની મનાઇ ફરમાવવામાં આવી હતી. બીજીતરફ ગુડાનુ તંત્ર આવાસોની જાળવણીના મામલે પણ સદંતર બેદરકાર રહેતા રહીશોમાં આક્રોશ પ્રવર્તયો હતો. એકબાજુ ગુડાના લાભાર્થીઓ આવાસ ભાડે આપે તેવા કીસ્સામાં નિયમો બતાવી આકરા પગલા લેવાય છે ત્યારે આવાસોની જાળવણીના મામલે છેલ્લા ૭ વર્ષમાં ગુડા કક્ષાએથી કોઇ ધ્યાન આપવામા આવ્યુ નથી કેટલાક કિસ્સામાં સ્થાનિકો આ મામલે ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદો કરીને પણ થાકી ગયા છે. ગુડાના આવાસો ભાડે આપવાના મામલે સફાળા જાગેલા ગુડાના તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધી આકસ્મિક તપાસના દૌર બાદ અંદાજિત ૧૬૨ કીસ્સામાં મકાનો ભાડે આપવામાં આવ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ ગુડાએ અત્યાર સુધી ૩૭ જેટલા મકાનો સીલ કરી દીધા હાવાની પણ વિગતો પ્રાપ્ત થઈ છે. આ સંજોગોમાં ગુડાના આવાસમાં જ રહેતા લાભાર્થીઓ બિલ્ડીંગની જાળવણી માટે પણ ગુડા આટલી સજાગતા દાખવે તેવો સુર ઉઠાવી રહ્યા છે. કેટલાક લાભાર્થીઓને લોનના હપ્તા ભરવામાં સરળતા રહે તે માટે મકાનો ભાડે આપ્યા છે. પરંતુ શરતભંગના કિસ્સા સ્પષ્ટ થતા ગુડાએ કાર્યવાહી હાથ ધરી છે. બીજીતરફ આવાસ યોજનાને અનુલક્ષી દાયકા સુધી બિન ઉપયોગી પડી રહેલી દુકાનો પણ ખંડેર બની છે. ગુડાનુ આવાસ ભાડે આપવાના મામલે ગત સપ્તાહમાં ૯૨ કીસ્સામાં નોટીસ આપવામાં આવી હતી જયારે બીજા તબક્કામાં પણ ૭૦ જેટલા કિસ્સામાં મકાન ભાડે આપવામાં આવ્યુ હોવાનુ ધ્યાને આવતા મકાન માલિકોને શરત ભંગની નોટીસ આપીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ તબક્કે ભાડુઆતો સામે આકરા પગલા ભરવામાં સુરા ગુડાના તંત્ર દ્વારા આવાસોની જાળવણી મામલે અત્યાર સુધી કોઇ પગલા ન લીધા હોવાનો રોષ ઠાલવતા લાભાર્થીઓ પણ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાના મુડમાં છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com